જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૩/૦૪/૨૦૨૩ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૧૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૦૫ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૬૧૪/૨૦૨૩

**કારંજઃ** પ્રભુલાલ વશરામભાઇ પંડ્યા (ઉ.વ.૫૮) (રહે. ગામ.થરાદ શિવનગર સોસાયટી તા.થરાદ જીલ્લો.બનાસકાઠા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રભુલાલ પંડ્યા તા.૧૨/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે લાલ દરવાજા એસ.બી.આઇ.બેંકની બહાર આવેલ એ.ટી.એમ. ખાતે પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એટીએમ સેન્ટરમાં એક પુરૂષ પ્રભુલાલ પંડ્યાની નજીક આવી એટીએમ કાર્ડનો પીન નંબર જાણી લઈ કહેલ કે “તમે ખોટી પ્રક્રિયા કરો છો" તેમ કહી કાર્ડ કાઢી આપ્યુ હતુ. દરમ્યાન આ પુરૂષે કાર્ડ બદલી લીધુ હતુ. ત્યારબાદ પ્રભુલાલ પંડ્યાના એટીએમ કાર્ડ દ્વારા અન્ય એટીએમ સેન્ટરમાંથી રૂપિયા ૫૫,૦૯૩/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૧૫/૨૦૨૩**

**નરોડાઃ** સંજયસિંહ આદરસિંહ રાઠોડ (ઉ.વ.૪૨) (રહે. ગાંધી પાર્ક સોસાયટી મ્યુ.કોર્પોરેશન ઓફિસ પાસે વિરાટનગર ઓઢવ) એ તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૩ રાતના ૮/૦૦ થી ક.૧૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા પાટીયા મહાજનીયાવાસની બાજુમાં ન્યુ ફ્રેન્ડસ ઓટો કન્સલ્ટ નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાનુ એક્ટીવા જીજે ૦૧ યુએમ ૧૩૫૯ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે એકટીવાની ડેકીમા રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- તેમજ મોબાઈલ ફ્રોન કિમત રૂપિયા ૮૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મિતેષકુમાર રાજેન્દ્રકુમાર ચલાવે છે.

**વટવા જી.આઈ.ડી.સીઃ** ઉમેશકુમાર રાજદેવ સિંઘ (રહે. નિર્માણ ટેનામેન્ટ ચાંદલોડીયા) એ તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી મયુર રેસ્ટોરન્ટના હોલ ખાતે સોફા ઉપર બેગ મુકી ડાન્સ કરવા ગઈ હતી ત્યારે અજાણી વ્યક્તિએ બેગ ચોરી કરી લીધી હતી. જે બેગમા સોનાનો બ્રેસલેટ કિમત રૂપિયા ૩૪,૨૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૧૬/૨૦૨૩**

**ગોમતીપુરઃ** રામસાગર દુધનાથ તિવારી (ઉ.વ.૫૦) (રહે. સુખીવાડી પઠાણની ચાલી સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૨/૦૪/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક નજીક રામનારાયણ મંદીર પાસે લાકડાના મોભ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નરેન્દ્રભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** નિરજ રામનરેશ શર્મા (ઉ.વ.૨૪) (રહે. વિષ્ણુભાઇની ચાલી લાલાભાઇના બંગલા સામે ભવાનીનગરનો ટેકરો ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતમાં પાઇપ સાથે પાટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટ**: સોનલબહેન ડો/ઓ દોલસિંગભાઇ ચોલવીયા (ઉ.વ.૨૮) (રહે. બનાસ ડેરીની બાજુમાં, સેક્ટર-૩ સામે ચાણક્યપુરી) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૩ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનુભા જેઠુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી